
# મોડાસાના ઈન્ચાર્જ ટાઉન પીઆઈ રબારીને બુટલેગર સામે કેસ કરવો ભારે પડ્યો

## એસપીએ તાત્કાલિક ચાર્જ છોડાવ્યાની ચર્ચા

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જીલ્લામાં પોલીસતંત્રના કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓએ બુટલેગરો સાથે ભાઈ બાંધી કરી લેતા બુટલેગરો ફાટીને ધુમાડે ગયા છે. કેટલાક બુટલેગરો પોલીસતંત્રમાં રહેલા વહીવટદારો સાથે ઘરાબો કેળવી તેમના માનીતા અધિકારીઓ અને કર્મચારીઓની બદલીઓ પણ કરાવતા હોવાની અનેક ઘટનાઓ ભૂતકાળમાં બની છે. હાલ આવી જ એક ઘટના બનતા પોલીસબેડામાં ભારે ચર્ચાએ જોર પકડ્યું છે. જીલ્લા પોલીસવડા મયુર પાટીલ સતત અધિકારીઓ અને કર્મચારીઓની બદલી કરતા હોવાથી તેમની કામગીરી સામે પોલીસબેડામાં છૂપો રોષ પ્રવર્તી રહ્યો છે.





પ્રાપ્ત માહિતી મુજબ મોડાસા ટાઉન પોલીસસ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ. નાગજી રબારી અને તેમની ટીમે ૨૨ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ હજીરા વિસ્તારમાંથી બાઈક પર પસાર થતા એક શખ્સને વિદેશી દારૂની ૪ બોટલ સાથે ઝડપી પડયો હતો. આ શખ્સ અરવલ્લી જીલ્લાના નામચીન બુટલેગરનો કેરિયર હોવાથી નામચીન બુટલેગરે દારૂની બોટલ સાથે ઝડપાયેલા શખ્સને છોડાવવા ભારે ધમપછાડા અને રાજનૈતિક દબાણ લાવ્યો હોવા છતાં ૪ બોટલ સાથે ઝડપાયેલા યોગેશ રાજેશભાઈ ડામોર (રહે. ગણેશપુરા, મોડાસા)ના શખ્સ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ ઘટનાના બે દિવસમાં ઈન્ચાર્જ ટાઉન પીઆઈ તરીકે તેમનો ચાર્જ પરત લઈ લેવામાં આવ્યો હોવાની ચર્ચાએ પોલીસબેડામાં ખળભળાટ મચાવ્યો છે.

મોડાસા ટાઉન ઈન્ચાર્જ પીઆઈ તરીકે નાગજી રબારીને ચાર્જ છોડાવવા માટે વહીવટદાર તરીકે જાણીતા પોલીસકર્મીએ જીલ્લા પોલીસવડા અને ઉચ્ચકક્ષાએ ફરિયાદ કરીને બુટલેગર સાથે ભાઈબંધી સાચવવા અને પોતાનો અહમ સંતોષવા ચાર્જ છોડાવ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આમ ઘર ફૂટે જ ઘર જાય જેવો ઘાટ સર્જાતા પોલીસ અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓમાં ચકચાર મચી છે.

# વડગામ તાલુકો વાયરલ ફીવરના ભરડામાં

## વડગામ સરકારી દવાખાનું દર્દીઓથી ઉભરાયુ : તાવ, શરદી, ખાંસી, ઉલ્ટી, પીળીયાના દર્દીઓનો નોંધપાત્ર વધારો

વડગામ, તા. ૨૭

બનાસકાંઠા જિલ્લામાં આવેલ વડગામ તાલુકો વાયરલ ફીવરની બિમારીમાં સપડાતાં વડગામમાં આવેલ સરકારી રેફરલ હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ રહ્યું છે અને ગામડાઓ બેઠેલા બોગસ ડૉક્ટરોને તડાકો પડી રહ્યો છે.

વડગામ તાલુકામાં વરસાદના વિરામ બાદ ઉઘાડ નિકળતાં દિવસે બફારા સાથે ગરમી અને રાત્રે ઠંડીનો અહેસાસ લોકોને થઈ રહ્યો છે. આ મિશ્ર રૂતુના કારણે વડગામ પંથકના ગામડાઓમાં વાયરલ ફીવરની બિમારીએ માથું ઊંચક્યું છે. ઠેર-ઠેર તાવ, શરદી, ખાંસી, ઝાડા ઉલટી, માથું દુખવું તેમજ પીળીયાના દર્દીઓનો નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. વડગામ તાલુકાના ગામડાઓમાં વરસાદ બાદ કેટલાક ગામડાઓમાં પાણીના ખાબોચિયાં તેમજ કચરાના ઢગ ખડકાતા મચ્છરોનો પણ ઉપદ્રવ વધી રહ્યો છે. જેના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં બિમારીમાથું ઊંચક્યું છે. ગામડાઓમા ઘેર ઘેર તાવ, શરદી, ખાંસી, ઉલ્ટી, પીપળીયા સહીતના દર્દીઓ જોવા મળી રહ્યાં છે.





વડગામ તાલુકા મથકે આવેલ સરકારી દવાખાનામાં સવારથી જ દર્દીઓની ભારે ભીડ જામે છે. રોજની ૧૫૦ થી ૨૦૦ જેટલા દર્દીઓની ઓપીડી રહેતી હોવાનુ વડગામ રેફરલ હોસ્પિટલના અધિક્ષક ડોક્ટર અનિલ ડાભીએ મિડીયાને જણાવ્યું હતું. વડગામ તાલુકા હેલ્થ ઓફિસરની જગ્યા ઈન્ચાર્જના હવાલે હોવાથી તાલુકામાં આરોગ્ય સામે અનેક સવાલો ઉઠવા પામ્યા છે. વડગામ રેફરલ હોસ્પિટલના અધિક્ષક ડોક્ટર અનિલ ડાભી તેમજ ડૉક્ટર હજરૂદીન શેખ દ્વારા રોજની બસ્સોથી વધુ ઓપીડીમાં દર્દીઓને તપાસ કરીને સારવાર અપાઈ રહી છે. આ ડૉક્ટરની કામગીરીથી દર્દીઓને સંતોષ હોવાનું પણ દર્દીઓ જણાવી રહ્યા છે.



### માલણમાં મેલેરિયા અને ડેન્ગ્યુ સામે બચવા જૈવિક નિયંત્રણની કામગીરી હાથ ધરાઇ

પાલનપુર તાલુકાના માલણ ગામે ડેન્ગ્યુ અને મેલેરિયા જાગૃતિ તથા રોગચાળા અટકાયત જૈવિક નિયંત્રણની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં જિલ્લા મેલેરીયા અધિકારી ગર્ગ તથા તાલુકા હેલ્થ ઓફિસર અનાવાડીયા તથા ટી.એમ.પી.એસ જોષી તથા ટી.આઈ.ઈ.સી.ઓ સોલંકી તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માલણના મેડિકલ ઓફિસર ડો.ડી.ડી.મેતિયાના માર્ગદર્શન હેઠળ મેલેરિયા અને ડેન્ગ્યુ સામે બચવા આ કામગીરી હાથ ધરાઈ હતી. જેમાં ગામમાં આવેલા અવાવરૂ કૂવા, હવાડા તથા ટાંકામાં પોરા ભક્ષક ગપ્પી માછલી મુકવામાં આવેલ. આ કામગીરીમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો સ્ટાફ તથા સરપંચ તેમજ ગ્રામ પંચાયતના સદસ્યો તેમજ તાલુકા ડેલીગેટ સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ધાનેરામાં જુગાર રમતા છ શકુનીઓ ઝડપાયા



શ્રાવણ માસમાં લોકોએ જુગાર રમવો જોઈએ આવી એક પ્રથા પડી ગઈ છે તેમજ જન્માષ્ટમીના દિવસો માં પણ લોકો જુગાર અડ્ડો જમાવીને રમત રમતા હોય છે શ્રાવણ મહિનો ખરેખર મહાદેવજી ની પૂજા પાઠ નો હોય છે પરંતુ ધર્મના પૈસા ધર્મમાં નાખવાની જગ્યાએ આવા ખોટી જગ્યાએ ઉડાવી રહ્યા છે. આજે ધાનેરામાંથી ૬ જુગારીઓ જુગાર રમતા ઝડપી પાડયા હતા. બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી પ્રદીપ સેજુળની સૂચનાથી તથા શ્રી અજિત રાજયાણ મદદનીશ પોલીસ અધિક્ષક વિભાગના માર્ગદર્શન મુજબ જન્માષ્ટમીના જુગારના કેશો શોધી કાઢવા સૂચના આપવામાં આવેલ હતી. આજે જ પોલીસ સ્ટાફ સાથે ઠાકોર વાસ વિસ્તારમાં બાતમીના આધારે જુગાર રમતા છ ઈસમો ઝડપી પાડયા હતા તેમાં (૧) બાબુભાઈ મેવાભાઈ ઠાકોર રામસણ તાલુકો, ડીસા (૨) વિનોદભાઈ જયંતીભાઈ ઠાકોર ધાનેરા ઠાકોરવાસ (૩) દિનેશભાઈ ધારસીંગભાઈ ઠાકોર ધાનેરા ઠાકોર વાસ (૪) પ્રવીણ ભાઈ ડાયાભાઈ ઠાકોર રમુણા. તાલુકો ડીસા (૫) જીતેન્દ્ર પોપટભાઈ ઠાકોર, ઠાકોર લાધાપુરા (૬) દશરથભાઈ બાબુભાઈ ઠાકોર રહે રમુણા. તા. ડીસાવાળાઓને પકડી તેમની પાસેથી કુલ રૂપિયા ૧૩૬૫૦.તથા મોબાઈલ નંગ સાત ૬૦૦૦, રૂપિયા ના કુલ કિંમત મળી ૧૯૬૫૦નો મુદ્દામાલ કબજે કરી ઉપરોક્ત ઈસમો પર જુગાર ધારાની કલમ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# બનાસકાંઠાના યુવાનેતાના ચકચારી પ્રકરણમાં તપાસ કરવા સંગઠનોની માંગ

બનાસકાંઠાના એક યુવા નેતા દ્વારા એક યુવતીને પ્રેમજાળમાં ફસાવી તેને ગર્ભવતી બનાવી હોવાના અહેવાલ એક અકબારમાં પ્રસિધ્ધ થયા હતા. આ યુવા નેતા કોણ છે તે બાબતે તટસ્થ તપાસ થાય તે માટે બનાસકાંઠાના જુદા-જુદા સંગઠન દ્વારા કરણી સેનાની આગેવાની તળે જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપી ન્યાયની માગણી કરી હતી.

બનાસકાંઠામાં એક યુવતીને યુવા નેતા દ્વારા પ્રેમજાળમાં ફસાવી તેને ગર્ભવતી બનાવી ત્યારબાદ મહેસાણાના એક તબિબ પાસે એબોર્સન કરાવ્યુ હોવાનો અહેવાલ તાજેતરમાં એક અખબારમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યો હતો. જેને લઈ સમગ્ર જિલ્લામાં આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. અને આ યુવાનેતા કોણ તે અંગે અનેક ચર્ચાઓએ જોર પકડ્યુ હતુ. જેને લઈ આ યુવા નેતા કોણ છે ? આ ઘટના સાચી છે કે કેમ અને સાચી હોય તો કસુરવાર સામે કડકમાં કડક પગલા ભરવામાં આવે તેવી માંગ સાથે બનાસકાંઠા કરણી સેનાના બેનર તળે વિવિધ સંગઠનો દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપી ન્યાયની માંગ કરવામાં આવી હતી. અને જો આ બાબતે તટસ્થ તપાસ નહી થાય આગામી દિવસોમાં ગાંધી ચિંધા માર્ગે આંદોલન કરવામાં આવશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં યુવાનો જોડાયા હતા.



# માલપુર તાલુકા આરોગ્ય કચેરીનો મચ્છરજન્ય રોગચાળો નાથવા નવતર પ્રયોગ

મોડાસા, તા. ૨૭

વરસાદે વિરામ લીધા પછી ફરીથી અરવલ્લી જીલ્લામાં ધમાકેદાર એન્ટ્રી કરી છે. ડેન્ગ્યુ, મેલેરિયાના મચ્છરોનો ઉપદ્રવ વધે તેવી શક્યતા છે. આ મચ્છરોને ઉગતા જ ડામી દેવા માટે માલપુર તાલુકા આરોગ્ય કચેરી સજ્જ બની છે આ માટે તંત્ર દ્વારા ગપ્પી માછલીઓનો નવતર પ્રયોગ હાથ ધરી તાલુકાના તમામ જળાશયો અને રહેણાંક વિસ્તારોમાં પાણી સંગ્રહના સ્થળોએ ગપ્પી માછલીઓ મુકવામાં આવી છે.

માલપુર તાલુકા આરોગ્ય અધિકારી ગોસ્વામીના જણાવ્યા અનુસાર તંત્ર દ્વારા બાયોલોજીકલ કંટ્રોલ મેથડ સઘન બનાવવામાં આવી છે. જે અંતર્ગત ગપ્પી માછલીઓ મુકવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ગપ્પી માછલીઓનો મુખ્ય ખોરાક મચ્છરોના પોરા છે. મચ્છરોનું બ્રીડીંગ થતું હોય તેવા સ્થળોએ ગપ્પી માછલીઓ છોડવામાં આવતા મચ્છરોની ઉત્તપત્તિને જડમુળમાંથી જ ડામી શકાય છે. જે જે વિસ્તારમાં વરસાદી પાણી ભરાયા છે અને પ્રજાજનો દ્વારા સંગ્રહિત થતા પાણીના સ્થળોએ જેવા કે પાણીના ટાંકા, ભૂગર્ભ ટાંકા, તાલુકામાં આવેલા તમામ જળાશયો અને પાણી સંગ્રહ થતા તમામ સ્થળોએ ગપ્પી માછલીઓ મુકવામાં આવી છે, તદઉપરાંત વરસાદી પાણીના નિકાલ અને લોકોમાં જનજાગૃતિ લાવવા માટે ખાસ અભિયાન પણ હાથ ધરવામાં આવશેનું જણાવ્યું હતું.

માલપુર તાલુકા આરોગ્ય તંત્ર દ્વારા મચ્છરજન્ય રોગચાળાને કાબુમાં લેવા માટે પુરજોશમાં પોરોનાશક કામગીરી, સ્પ્રેયિંગ અને ફોગીંગની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે.



### પ્રાંતિજમાં ગ્રાહક હિતમાં ચુકાદો

# બીલ કરતા ગ્રાહક પાસેથી ૩૫ હજાર ઓથોડીલરે લીધા હતા

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કાર માલિકને હિંમતનગર ગ્રાહક સુરક્ષા કોર્ટ દ્વારા ગ્રાહકના પક્ષમા ચુકાદો આપ્યો જેમાં કાર માલિકને ફરીયાદ દાખલ થયાની તારીખથી તે નાણાં વસુલ થતાં સુધી છ ટકા વ્યાજ સાથે તથા ૩૫૦૦૦ મૂળ રકમ સહિત ખર્ચે સહિતની રકમ ચુકવવાનો ઓથો ડીલરને આદેશ કર્યો છે.

પ્રાંતિજ ખાતે રહેતા કાંન્તાબેન બી. ગોસ્વામી હોન્ડા કંપનીના ઓથો ડીલર હોન્ડા એમરલ્ડ કાર. પ્રા. લી. પીપલોદી હિંમતનગર ખાતેથી હોન્ડા એમેજ ૧.૨ ગાડી તા.૨૭-૧૧-૨૦૧૭ના રોજ રૂપિયા ૫૦૦૦માં બુકીંગ કરાવી તેમણી માલિકીની જુની ગાડી એકસચેન્જ કરાવીને ખરીદેલ હતી. ખરીદી પેટે ડીલરે રૂપિયા ૬,૫૦,૦૦૦નું બીલ આપેલ હતું પરતુ ફરીયાદી ગ્રાહકે ૬,૮૫,૦૦૦ ચુકવેલ હતા. ૩૫ હજાર ઓથો ડીલર વધારે લીધેલ હતા જે નાણાની અવરનવર ફરીયાદી દ્વારા માગણીઓ કરવા છતાં કાર માલિકને ડિલર દ્વારા નાણા પરત ના કરતા આખરે કારમાલિક કાન્તાબેન બી. ગોસ્વામી દ્વારા પ્રાંતિજ ખાતે આવેલ સુરક્ષા મંડળ હોન્ડા કંપનીના ઓથો ડીલર હોન્ડા એમરલ્ડ કાર પ્રા.લી પીપલોદી હિંમતનગર સામે ફરીયાદ નોંધાવી હતી. પ્રાંતિજ દ્વારા ડીલરને પત્ર લખીને ગ્રાહક ફરીયાદીને નાણાં ચુકવવા રજુઆતો કરી હતી પણ હિંમતનગર ખાતે ગ્રાહક તકરાર ફોરમ પ્રાંતિજના પ્રમુખ નટુભાઇ બારોટ તથા એડવોકેટ મુકેશ એચ. સુરતીયા મારફતે ફરીયાદ દાખલ કરી હતી. સાબરકાંઠા જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ દ્વારા ફરીયાદીને છ ટકા વ્યાજથી ૩૫ હજાર તથા ફરીયાદીને પડેલ અગવડ માટે ૨૫૦૦, ફરીયાદીને ખર્ચ પેટે ૨૫૦૦ ચુકવવા હુકમ કર્યો હતો.

# પડતર માંગણીઓને લઈને બનાસકાંઠાના મહેસૂલકર્મીઓ માસ સી.એલ. પર

## અચોક્કસ મુદતની હડતાળ પર જવાની ચીમકી : સંભવિત હડતાળની અસર ભાદરવી પૂનમના મેળા પર વર્તાય તેવી વકી

બનાસકાંઠા મહેસુલ વિભાગના ૨૭૨ કર્મચારીઓ આજે માસ સી એલ પર ઉતરી ગયા હતા. જો માંગણીઓ નહિ સંતોષાય તો ભાદરવી પૂનમના મેળામા અવ્યવસ્થા ઉભી થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.

૧૭ જેટલી પડતર માંગણી





તો ૨૯ ઓગસ્ટથી અચોક્કસ મુદતની હડતાળ પર જવાનું કર્મચારીઓ એ એલાન કર્યું છે. ત્યારે આ માંગણીઓ નહિ ઓને લઈ ને બનાસકાંઠા મહેસુલ વિભાગ ના ૨૭૨ કર્મચારીઓ આજે માસ સી એલ પર ઉતર્યા છે. ઘણા સમયથી મહેસૂલ વિભાગના કર્મચારી ઓની માંગણીઓ સરકાર પાસે પડ્તર છે. અને સરકાર આ માંગણીઓ ને સંતોષી નથી. ત્યારે આજે પાલનપુર ખાતે મહેસુલી કર્મચારીઓ રેલી યોજી પોતાની માગણીઓના સમર્થનમાં નારાબાજી કરી હતી. જોકે, મહેસુલી કર્મચારીઓએ પોતાની માંગણીઓ નહીં સંતોષાય તો અચોક્કસ મુદતની હડતાળ પર જવાની પણ ચીમકી ઉચ્ચારી છે.

આગામી દિવસોમાં માં અંબા નો ભાદરવી પૂનમનો મહામેળો આવી રહ્યો છે. ત્યારે બનાસકાંઠા જિલ્લાના વહીવટી તંત્રની પાંખ અચોક્કસ મુદતની હડતાળ પર જાય તો ચોક્કસ ભાદરવી પૂનમના મેળામાં અવ્યવસ્થા સર્જાય તેવી ભીતિ સેવાઈ રહી છે.

# વડગામ તાલુકાના ગામડાઓમાં રોગચાળાથી બચવા આરોગ્યતંત્ર ગપ્પી માછલીના સહારે

વડગામ, તા. ૨૭

વડગામ તાલુકાના વિવિધ ગામોમાં મચ્છરજન્ય રોગોથી બચવા માટે આરોગ્ય



વિભાગ દ્વારા ગપ્પી માછલીના સહારે તાલુકાની જનતાને છોડાઈ છે. જેમાં તાલુકાના ૧૦ કરતા વધુ ગામોમાં આરોગ્ય વિભાગે ગપ્પી માછલી મુકવામા આવી છે.

વડગામ તાલુકાના વિવિધ ૧૦ જેટલા ગામડાઓમા મચ્છરજન્ય રોગોથી બચવા માટે વડગામ આરોગ્ય વિભાગ દ્વારા ગપ્પી માછલી મૂકવામાં આવી છે. જેમાં પીલૂચા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સ્ટાફ દ્વારા રૂપાલ, પિલૂચા, વડગામ, મગરવાડા સહિત ૧૦ જેટલા ગામડાઓમાં મેલેરિયા, ડેગ્યું, ચિકન ગુનિયા, જેવા મચ્છરજન્ય રોગોથી બચવા માટે તેમજ મચ્છરની ઉત્પત્તિ અટકાવવાના ભાગરૂપે જૈવિક નિયંત્રણ કામગીરી દ્વારા ગપ્પી માછલી નાખવામાં આવી છે. જેમાં, તાલુકા સુપરવાઈઝર એચ.આર. જોશી અને પિલુચ પ્રાથમિક આરોગ્ય સ્ટાફ એન.એ. પરમાર, તરુણસિંહ અને મિતેષભાઈ દ્વારા જલોતારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાંથી ગાપ્પી માછલી લાવી વિવિધ ગામોના કાયમી પાણી ભરાઈ રહેતા હવાડાઓ, હોજમાં નાખી હતી અને ગેપ્પી માછલીનો મુખ્ય ખોરાક પૂરા અને પાણીની જીવાત હોવાથી તે આ રોગ ફેલાવતા જીવજંતુઓને આરોગી જાય છે જેના કારણે રોગો ફેલાવતા અટકાવી શકાય છે.

# પાલનપુર શ્રી વિજય હનુમાન સંન્યાસ આશ્રમ ખાતે શ્રી શિવ મહાપુરાણ જ્ઞાનયજ્ઞ યોજાયો

પાલનપુર શ્રી વિજય હનુમાન સંન્યાસ આશ્રમના મહંત રામેશ્વરનંદગીરીજી મહારાજ દ્વારા ૫૦ કવાર્ટસ ખાતે આવેલ વિજય હનુમાન મંદિર ખાતે શ્રાવણ વદ-૮ને શનિવારથી બપોરે ૨ થી ૬ કલાક સુધી શ્રી શિવ મહાપુરાણ જ્ઞાનયજ્ઞ યોજવામાં આવી રહ્યો છે. જેમાં પોથીયાત્રા, શિવ તત્વ કથા, સતી ચરિત્ર કથા, શિવ પાર્વતિ વિવાહ, ગણેશ કાર્તિકે જન્મોત્સવ, દ્રાદશ જ્યોતિર્લીંગ કથાનું અમદાવાદના પુરાણ પીએચડી પૂજ્ય ડો. પુરૂષોત્તમ આચાર્યજી દ્વારા રસપાન કરાવવામાં આવી રહ્યુ છે. આ કથા શ્રાવણ વદ અમાસને શુક્રવાર સુધી યોજાશે જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો કથાનું રસપાન કરી રહ્યા છે.

### શબ્દસેતુ અને બી.ડી.શાહ કોલેજ ઓફ એજયુકેશન મોડાસાના

# સુવર્ણજયંતિ અને જ્ઞાનધારાના ઉપક્રમે કવિવર ઉમાશંકર જોષી કાવ્યલેખન સ્પર્ધા યોજાઈ

મોડાસા, તા. ૨૭

શબ્દસેતુ અને બી.ડી.શાહ કોલેજ ઓફ એજયુકેશન, મોડાસાના સુવર્ણજયંતિ અને જ્ઞાનધારાના ઉપક્રમે ડો.પિનાકીન પંડ્યાના સૌજન્યથી કવિવર ઉમાશંકર 'જોષી' કાવ્યલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે કોલેજના પ્રિ. ડૉ.બિપીનભાઈ પટેલ, શબ્દસેતુના મંત્રી કાદરઅલી સૈયદ, કાર્યક્રમના કન્વિનર અરવિંદભાઈ ગજ્જર સહકન્વિનર સલિમભાઈ શેખ, શબ્દસેતુના સલાહકાર નિલેશભાઈ જોષી તથા શબ્દસેતુના આમંત્રિત સભ્યો પ્રા. ડૉ.પ્રવિણભાઈ વાઘેલા, એ.કે. પટેલ, સાહિત્યકાર કા.જો. પટેલ, મગનભાઈ પ્રજાપતિ, વિવિધ કોલેજોમાંથી ૧૫ જેટલા સ્પર્ધક મિત્રો, વહીવટી વિભાગમાંથી શરદભાઈ, ગઢવીભાઈ તથા જુનિયર કલાર્ક તરીકે નવનિયુક્ત થયેલ મહેશભાઈ પ્રજાપતિ તથા સર્વે





સ્ટાફ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ડૉ.ભાવનાબેન મોદીએ તથા આભારદર્શન શબ્દસેતુના મંત્રી કાદરઅલી સૈયદે કર્યું હતું.

# પાલનપુરમાં રૂપિયા ૧.૦૯ લાખના મુદ્દામાલ સાથે ૫ જુગારી ઝડપાયા

પાલનપુર ખાતે આબુ હાઈવે નજીક આવેલી સાગર માર્બલ ફેકટરીમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે તાલુકા પોલીસે ઓચિંતો છાપો માર્યો હતો. જ્યાં જુગાર રમતાં પાલનપુરના ચડોતરના મનુભાઈ રામજીભાઈ પટેલ, કાંતિભાઈ ઉજાભાઈ પટેલ, ઊંઝાના પરેશભાઈ ભગુભાઈ પટેલ, પાલનપુર લક્ષ્મીપુરાના શૈલેષભાઈ બેચરભાઈ પટેલ અને સુરજપુરાના કિરીટભાઈ અંબારામભાઈ પટેલને ઝડપી લીધા હતા. જેમની પાસેથી રોકડ રૂપિયા ૧,૦૭,૧૭૦, રૂપિયા ૨૫૦૦ના મોબાઈલ મળી કુલ રૂપિયા ૧,૦૯,૬૯૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. અને તમામની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.